**જોડીયાના મહેરબાન જયુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમા, મુ. જોડીયા, તા. જોડીયા.**

ફોજદારી કેસ (એન.સી.) નબર :–૧/૨૦૧૯

આક :–

ફરીયાદી : – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– મનસુર હુસેનભાઈ સધાર

ઉ.વ. –૩૩ , ધધો. –મજૂરી

રહે. મોટોવાસ, જોડીયા, તા.જોડિયા, જી.જામનગર.

ગુન્હો :– ધી એમ.વી.એકટ ની કલમ – ૧૮૧ તથા ૧૭૭ મુજબ.

***:–જજમેન્ટ–:***

ફરીયાદ પક્ષના કેસની ટુકમા હકીકત એવી છે કે,

(૧) સદર કામે આરોપીએ તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે મોજે બાલાચડી સર્કલ પાસે, બાલાચડી, તા.જોડીયા ખાતે તેઓન વાહન હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ જેના ન.–જીજે–૧૦–સીઆર –૨૫૬૦ તે વાહન લાયસન્સ સાથે નહી રાખી ચલાવી લાવી પકડાઈ જઈ ધી મો. વ્હી. એકટની કલમ –૧૮૧ તથા ૧૭૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલાની એન.સી. ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) એન.સી. ફરીયાદ સાથે આરોપી રજુ થતા આરોપીને ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ ૨૦૭ની જોગવાઈઓ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને વિના મુલ્યે આપવામાં આવેલ છે. આંક –૦૩ થી આરોપીનો પ્રાથમીક જવાબ લેતાં, આરોપીએ તેની સામેના આક્ષેપિત ગુનો કબુલ કરેલ અને આરોપીએ આંક –૦૨ થી ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેવું આરોપીને જણાવેલ અને ગુનો કબુલ કરતી વખતે ઓછામાં ઓછી કાયદાએ નિયત કરેલી સજા થઈ શકે તેવી આરોપીને સમજ આપેલી છે. તેમ છતાં પણ આરોપી સ્વૈચ્છિક ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ કામમાં દાખલ કરવામા આવેલી છે.

(૩) સદર કામના આરોપીની આંક –૦૩ થી પ્લી રેકર્ડ કરી આરોપીનું નિવેદન લેતાં તેઓએ ગુનો કબુલ રાખેલ છે અને તે અંગે પોતાની કબુલાત પુરસીસ આંક –૦૨ થી રજુ કરેલ છે. જે કબુલાત પુરસીસ વાંચી સંભળાવતા તેમાં જણાવેલ હકિકત કબુલ રાખેલ છે. તેમજ આરોપીની આંક–૦૨ની કબુલાત પુરસીસ વંચાણે લીધી અને તેમાં જણાવેલ કારણો ધ્યાને લીધા. તેમજ આરોપીએ વધુમાં જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુનો

છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. ગુના કર્યા અંગેનો અફસોશ વ્યકત કરીને ફરીથી આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને જેથી તેઓ ઉપર દયા કરવા જણાવેલ છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન– મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. સદર આરોપીની સદર કબુલાત સ્વૈચ્છિક કબુલાત જણાય આવતા તે પુરાવામાં ગ્રાહય રાખવામાં આવે છે. (૪)

આમ ઉપરોકત તમામ હકીકતો–રજુઆતો ધ્યાનમાં લેતા આ કામે આરોપી સ્વૈચ્છિક પણે ગુન્હાની કબુલાત કરેલ છે અને તેઓની આર્થિક પરિસ્થિતિ અને કુંટુંબની જવાબદારી તેમના પર ચાલી આવેલ છે અને ત્યારે આરોપીને ઓછામાં ઓછી સજા અને દંડનો હુકમ કરવામાં આવશે તો ન્યાયનું હિત જળવાશે તેમ આ કોર્ટ માને છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **હુકમ**

આ કામનાં આરોપી મનસુર હુશેનભાઈ સંધાર જાતે વાઘેર, રહે. મોટોવાસ, જોડીયા, તા.જોડિયા, જી.જામનગરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ધી એમ.વી. એકટ ની કલમ–૧૮૧ તથા ૧૭૭ મુજબના ગુનામા સબબ રુા.૩૦૦/– (અંકે રુપિયા ત્રણ સો પુરા ) નો દંડ, દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી પાસેથી કુલ રુા.૩૦૦ /– (અંકે રુપિયા ત્રણ સો પુરા ) વસુલ લેવા.

આ હુકમ આજ તારીખ ૧ લી માહે જાન્યુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧/૦૧/૨૦૧૯<br>
સ્થળ : જોડીયા.

**( તરસ પ્રકાશચંદ્ર શાહ )**<br>
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>
જોડીયા. ( કોડ ન. ૦૧૧૯૫ )